# 19

**અમદાવાદ ખાતે આવેલ જયશંકર સુંદરી હોલને ચાલુ કરવા બાબત**

***15/4/1103 : શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા) :** પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૦૬-૦૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *પ્રશ્ન ક્રમાંક -૬૯ (અગ્રતા-૬૫)ના અનુસંધાને **માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | અમદાવાદ શહેરના રાયખડ ખાતે આવેલા જયશંકર સુંદરી હોલ (નાટકીયગૃહ)ના પેસેજમાં ફોલ્સ સીલીંગનો અમુક ભાગ તૂટી પડવાથી સલામતીના કારણોસર નાટ્યગૃહ બંધ કરવામાં આવેલ તેને શરૂ કરવા આગામી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં બજેટ જોગવાઈ સૂચવામાં આવેલ તો તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત હોલને શરૂ કરવા કયા પ્રકારની કામગીરી કયા તબક્કે છે, | (૧) | આ કામગીરી કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર કચેરી અને અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરશ્રીની કચેરી વચ્ચે એમ.ઓ.યુ. /કરારનામાના તબક્કે છે. |
| (૨) | ઉક્ત હોલને શરૂ કરવા કયા પ્રકારના કામ માટે કેટલો ખર્ચ થનાર છે, અને | (૨) | કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર કચેરી અને અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરશ્રીની કચેરી વચ્ચે એમ.ઓ.યુ. થયેથી ખર્ચની વિગતો જાણી શકાશે. |
| (૩) | ઉક્ત હોલને ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે? | (૩) | કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ,ગાંધીનગરની કચેરી અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વચ્ચે કરાર થયેથી રીનોવેશનની કામગીરી શરૂ કરી શકાશે અને તે પૂર્ણ થયેથી સદર હોલને શરૂ કરી શકાશે. |

-----------------